બાળકો કદી શિખામણોની વિરૂદ્ધ નથી હોતા.. એને કહેવાની પદ્ધતિની વિરૂદ્ધ હોય છે
- હંસલ ભચેચ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૬૩ ૨૫ ઓગસ્ટ, ૨૦૧૪, સોમવાર; શ્રાવણ વદ - ૦)) પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# શહેરમાં ગાજવીજ સાથે વરસાદ

## શહેરમાં બે કલાકમાં બે ઈંચ મેઘકૃપા : શહેરમાં બે જગ્યાએ વીજળી પડી : રૂપાલમાં વીજળી પડતાં પશુનુ મોત : દહેગામમાં પણ બે સ્થળોએ વીજળી પડતાં પશુ અને માનવમૃત્યુ નોંધાયા : ખેડૂતો 'કાચા સોના' જેવા વરસાદથી આનંદિત બન્યા : શહેરમાં ઠેર ઠેર પાણી ભરાયા

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં આજે બે કલાકના ગાળામાં જ બે ઈંચ જેટલો વરસાદ થતાં શહેર જળબંબાકાર થઈ જવા પામ્યુ હતુ. ગાંધીનગર શહેરમાં બે સ્થળોએ વીજળી પડી હતી. જ્યારે દહેગામ તાલુકામાં અને ગાંધીનગર તાલુકામાં વીજળી પડવાની નોંધાયેલી ઘટનામાં બે પશુ અને એક માનવે જાન ગુમાવ્યો છે.

લાંબા વિરામ બાદ થયેલા આ વરસાદને કારણે વાતાવરણમાં પણ ભારે બદલાવ આવી જવા પામ્યો છે. આજે આ વરસાદને કારણે ગાંધીનગર તાલુકામાં સિઝનનો કુલ વરસાદ ૩૧૬ મિ.મિ. જેટલો થવા પામ્યો છે. આજે સાંજે ૪ થી ૬ દરમ્યાન થયેલો વરસાદ ૪૯ મિ.મિ. જેટલો છે. જ્યારે દહેગામમાં નવ મિ.મિ. વરસાદ આ સમયગાળામાં નોંધાયો છે. કલોલ અને માણસા પંથકમાં પણ મોડી સાંજે વરસાદ શરૂ થયાના અહેવાલો છે. મળતા અહેવાલો પ્રમાણે કલોલ તાલુકામાં ૬ મિ.મિ. જેટલો વરસાદ ૬ થી ૭ ના સમયગાળા દરમિયાન થવા પામ્યો છે અને આ લખાય છે ત્યારે પણ વરસાદ ચાલુ હોવાના અહેવાલો છે.

આજે સાંજે ચાર વાગ્યાના સુમારે શહેરમાં શરૂ થયેલો વરસાદ બે કલાકમાં જ બે ઈંચ થતાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા. એક સરખા વરસાદી આક્રમણથી નગરજનોએ બફારા અને ઉકળાટના વાતાવરણમાં રાહત અનુભવી હતી તેમજ વરસાદને માણવા રોડ પર પલળતા પણ જોવા મળ્યા હતા.

ગાંધીનગર તાલુકામાં લાંબા વિરામ બાદ આજે થયેલા આ વરસાદથી ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે. ખેતી માટે આ પાણી કાચા સોના જેવો પુરવાર થવા પામ્યો છે.

ગાંધીનગર શહેરમાં આજે બે કલાક પડેલા વરસાદને લઈ બે કલાક સુધી જનજીવન પણ ઠપ્પ થઈ ગયુ હતુ અને લોકો વરસાદની મેઘકૃપાને માણવા માટે ઘરની બહાર નીકળી પડ્યા હતા. સેક્ટરોના નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ જતાં લોકો વાહનો સાથે ફસાઈ ગયેલા પણ દેખાયા હતા.

ગાંધીનગર શહેરમાં આ ભારે વરસાદને પગલે બે સ્થળોએ સે. ૨૭ અને શહેરમાં સમાવિષ્ટ આદિવાડા ખાતે વીજળી પડવાની ઘટનાઓ બની હતી.

મળતા અહેવાલો પ્રમાણે દહેગામ તાલુકાના શિયાવાડા ગામે વીજળી પડતાં એક ૪૪ વર્ષના યુવાન મહોબ્બતસિંહ ફુલસિંહનું અવસાન થયું હતું. આ ઉપરાંત લીલાજીના છાપરા ધમીજ ખાતે વીજળી પડતાં એક પશુનું અવસાન થયાના અહેવાલ છે.

ગાંધીનગર તાલુકાના રૂપાલ ગામે પણ વીજળી પડતાં એક પશુનુ અવસાન થયાના અહેવાલો મળ્યા છે.

'મધા' નક્ષત્રમાં થયેલા આ મોંઘેરા વરસાદને ખેડૂતો કાચા સોના

● અનુસંધાન પાન-૭ પર



### નગરના મેદાનો તળાવો બન્યા

ગાંધીનગર, તા. ૨૪

શહેરમાં એક પખવાડિયાના વિરામ બાદ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી કરી છે. જેના કારણે નગરમાં ઠેર ઠેર પાણી ભરાવા પામ્યા હતા.

- ચ-૫ સર્કલ પર પાણી ભરાતા વાહન ચાલકો ફસાયા.
- સેકટર-૨૨માં ગોકુલ સોસાયટીથી આયુર્વેદિક દવાખાના સુધીનો રોડ પાણીના ભરાવાથી અદૃશ્ય થયો.
- સેકટર-૨૨ નવરાત્રિ મેદાન બેટ બન્યું. બાળકોએ ન્હાવાની મજા માણી.







- ચ-૩ થી ચ-૬ સુધી રોડ પર ભારે વરસાદથી વાહનચાલકો થંભી ગયા. વાહનોની લાઈનો લાગી.

● અનુસંધાન પાન-૭ પર



(તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં વીજળી પડ્યાની બે ઘટના

## સેક્ટર-૨૭માં આંબાના વૃક્ષ પર વીજળી પડી જ્યારે આદિવાડામાં નાનકડી દુકાનમાં વીજળી પડી

## જિલ્લામાં પાંચ સ્થળોએ વીજળી પડી : બે પશુ અને એક માનવ મૃત્યુ તથા મિલ્કતોને નુકશાન



(તસવીર : નિકેશ બારોટ)







ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં આજે પડેલા વરસાદ દરમ્યાન બે સ્થળોએ વીજળી પડવાની ઘટના નોંધાઈ હતી.

શહેરના સે. ૨૭ માં આજે વીજળી એક આંબાના વૃક્ષ પર પડી હતી. બ્લોક નં. ૧૧૮૨ નજીક આંબાવાડિયામાં પડેલ આ વીજળીને કારણે આંબાના થડમાં તિરાડ પડી જવા પામી હતી તેમજ આંબા નજીક પાર્ક કરેલી એક ગાડી બંધ પડી જવા પામી છે.

તો બીજી ઘટના આદિવાડા ખાતે નોંધાઈ છે. જેમાં સતુજી ઉદાજી વાવડાના ઘર પાસેની દુકાનમાં વીજળી પડતાં હવા ભરવાનું કોમ્પ્રેશર ધડાકા સાથે તુટી ગયુ હતુ તેમજ ઘરની લાઈટ ડુલ થઈ ગઈ હતી અને પંખાઓ બળી જવા પામ્યા હતા. ઘરના પતરાઓ પણ થોડીક મિનિટો માટે લાલઘુમ થઈ ગયા હતા.

વીજળી પડવાની આ ઘટનાને લઈ ગ્રામજનો એકત્રિત થઈ ગયા હતા. જો કે આ વીજળી પડવાની ઘટનામાં મિલ્કતોને નુકશાન થયુ છે પણ જાનહાનિ થઈ નથી.

બીજી તરફ ગાંધીનગર નજીક રૂપાલ ગામમાં વીજળી પડવાથી એક પશુનું મૃત્યુ નીપજ્યાના અહેવાલો મળ્યા છે.


ગાંધીનગર શહેરમાં એક સાથે વીજળી પડવાની બે ઘટનાઓ તથા તાલુકાના રૂપાલમાં વીજળી પડ્યાની ઘટનાને લઈ લોકોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી હતી.

દહેગામ તાલુકામાં પણ વીજળી પડવાની બે ઘટનાઓ નોંધાઈ હતી જેમાં એક પશુ અને એક માનવીના મોતના સમાચાર છે.

### રોગની સાથે દર્દનું નિવારણ થાય તે જરૂરી: નીતિન પટેલ

અમદાવાદ, તા. ૨૪

ગાંધીનગર કાતે યોજાયેલી ૭મી સાઉથ એશિયન રીજનલ પેઈન સોસાયડટી કોંગ્રેસ-૨૦૧૪ના ઉદ્ઘાટન સમારોહ માં ઉપસાથિત રહેલા રાજ્યના આરોગ્યમંત્રી નીતિનભાઈ પટેલે રોગ નિવારણ ઉપચારની સાથે દર્દ શમનને પણ મહત્વનું ગણાવ્યું હતું. આ અધિવેશનનું ઉદ્ઘાટન કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, રોગ સાથે દર્દનું નિવારણ પણ થાય એ સૌથી મહત્વની બાબત ઉપર આરોગ્ય તજજ્ઞોએ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. મંત્રીએ એમ પણ જણાવ્યું હતું કે, ભારત દેશમાં યોજાયેલી આ પ્રથમ જ કોંગ્રેસનું આયોજન કરવાની તક ગુજરાતને મળી છે ત્યારે રોગ સાથે દર્દના નિવારક ઉપચાર માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય તજજ્ઞોના વિચારોનું આદાન-પ્રદાન આ ક્ષેત્રે વધુ અસરકારક પુરવાર થશે.


બીન સચિવાલય કલાર્ક 2444 જગ્યાઓ
પરીક્ષાની તારીખ 16-11-2014
પ્રવેશ ફોર્મ ભરવાના ચાલુ છે
રેવન્યુ તલાટી 1300+ જગ્યાઓ
સંભવિત ઓગસ્ટ-2014
(વર્ગ-3) માટે ખાસ બેચ
માસ્ટર કોર્ષ-2014
(4 માસનો અભ્યાસ ક્રમ)
♦ ગુજરાતી વ્યાકરણ/સાહિત્ય ♦ ગણિત ♦ બુદ્ધિ ચાતુર્ય કસોટી ♦ અંગ્રેજી વ્યાકરણ ♦ સામાન્ય જ્ઞાન ♦ કોમ્પ્યુટર ને લગતા પ્રશ્નો
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
2000 થી 2014 સુધીના તમામ પેપરોનું સોલ્યુશન
દર અઠવાડિયે ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ

ગાંધીનગર

| | | |
|---|---|---|
| 20.08.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |
| 26.08.2014 | બપોરના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| 05.09.2014 | સવારના 8-45 થી 11-45 | શનિ / રવિ |
| 19.09.2014 | બપોરના 12-00 થી 3-00 | શનિ / રવિ |

મહેસાણા

| બેચ શરૂ તા. | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 21.08.2014 | બપોરના 12-15 થી 1-45 | રવિ થી ગુરૂ |
| 28.08.2014 | બપોરના 2-00 થી 3-30 | રવિ થી ગુરૂ |

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેકટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) મહેસાણા 9537614607
પેથાપુરમાં એડમિશન માટે ગાંધીનગર શાખામાં મળવું.

ગાંધીનગર માટે
આપનું LED TV, LCD TV & Colour TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી ફક્ત ફોન કરો
૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
બ્લોક નં. ૩૧૬, ડબલ ડેકર, ચંદ્ર ફોટો સ્ટુડિયોની લાઈનમાં, બીજા માળે, સેક્ટર-૨૪, ગાંધીનગર
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬, ૯૪૨૬૨ ૭૦૪૮૧